## મે. વડોદરાના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં ,પ્રથમ કોર્ટ, વડોદરા.

**ગુ.મુ.નં. ૩૫૭૫૬/૨૦૦૪**

**ફરીયાદી** – **શ્રી સ ર કા ર**

**વિરુદ્ધ**

**આરોપીઓ**– (૧) મનીષ નારણદાસ જેવલાણી
(૨) સુનીલ નારાયણદાસ
(૩) જીતેન્દ્ર જેઠાનંદ પંજાબી
(૪) જીતેન્દ્ર રાજકુમાર નાથાણી
(૫) પ્રકાશ નંદલાલ પંજાબી

**ગુન્હોઃ–જુગારધારા કલમ–૪,૫ મુજબ ....**

**ચુ કા દો**

(૧) ફરિયાદપક્ષે આરોપી/ઓ વિરૂઘ્ઘ **જુગારધારા કલમ–૪,૫** મુજબ નુ ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨)આજરોજ આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતા પોલીસ પેપર્સની નકલો પુરી પાડી આંક. ૩ થી ગુના કબુલાત પુરસીસ રજુ કરતા અને આરોપીઓની પ્લી રેકર્ડ કરતાં, આરોપીઓએ સ્વૈચ્છાપૂર્વક ગુનાની કબુલાત કરેલી છે.

(૩) આરોપીઓની સ્વૈચ્છાપૂર્વક ગુનાની કબુલાત ઘ્યાને લેતા તેમજ પોલીસ પેપર્સ વંચાણે લેતા આરોપીઓનો પ્રથમ ગુનો છે આરોપીઓની આર્થિક અને સામાજીક સ્થિતી ઘ્યાને લેતા અને દયાની માંગણી કરતા હોય તે ઘ્યાને લઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

(૧) આ કામના આરોપી/ઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૨ અન્વયે **જુગારધારા કલમ–૪,૫** મુજબના ગુનામાં આરોપીઓને તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધી સજા અને દરેક આરોપીને રૂ.૧૦૦૦ X ૫ કુલ– રૂ.૫૦૦૦/–(અકે રૂપીયા પાંચહજાર પુરા)દંડની સજા ફરમાવું છું. અને જો દરેક આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે .

સદર ગુનાના કામે મુદામાલ સબંધે વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમી કરવામાં આવે છે.

તેમજ મુદામાલ નાણાં હોય તો સરકાર ખાતે જમા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૩/૭/૨૦૧૯ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી,સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

વડોદરાઃ
તા. ૧૩/૦૭/૨૦૧૯

(આર.આઇ. ચોપરા)
જયુડી.મેજી. ફ.કલાસ.
પ્રથમ કોર્ટ ,વડોદરા.
Code : NO. GJ -00765